**ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા**
**એન.એચ.એમ પ્રોગ્રામ**
**વડોદરા મહાનગરપાલિકા**

## ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન અંતર્ગત શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૧ માસનાં કરાર આધારીત તદન હંગામી ધોરણે એકાઉન્ટંટ કમ ડેટા એન્ટ્રી ઓપરેટરની ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર **તા.-૦૭/૧૦/૨૦૨૧ (૦૦.૦૧કલાક) થી તા. ૧૫/૧૦/૨૦૨૧ (૨૩.૫૯ કલાક)** સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

**નોંધઃ- ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર જગા ભરવા પણ ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.**

**ચેરમેન**
**એકઝક્યુટીવ કમીટી**
**અને ડે.મ્યુનિસિપલ કમિશનર**
**વડોદરા મહાનગરપાલિકા**

**પી.આર.ઓ. નં ૫૨૯/૨૧-૨૨**

**ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા**
**એન.એચ.એમ પ્રોગ્રામ**
**વડોદરા મહાનગરપાલિકા**

## ભરતી માટેની જાહેરાત

**(જાહેરાત ક્રમાંકઃ ૫૨૯/૨૦૨૧-૨૨)**

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | શૈક્ષણીક લાયકાત | ફિક્સ પગાર (પ્રતિ માસ) |
|---|---|---|---|---|
| ૧ | એકાઉન્ટંટ કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૩૨ | કોમર્સમાં સ્નાતક અને કોમ્પ્યુટર એપ્લીકેશનમાં ડિપ્લોમા અથવા સર્ટીફીકેટ કોર્ષ કરેલો હોવો જોઇએ | ૧૩૦૦૦/- |

**જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:**

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૦૭/૧૦/૨૦૨૧ (૦૦-૦૧ કલાક) થી તા. ૧૫/૧૦/૨૦૨૧(૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **શૈક્ષણિક માહીતી:** પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ **education qualification details** મા ના હોય તો **OTHER1** અને કોમ્પુટર કોર્ષ ની માહીતી **OTHER2** માં ભરવી.
4. **વયમર્યાદા:** ૪૦ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
5. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
6. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
7. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
8. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
9. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.

10. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૌખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
11. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
12. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૦૬/૧૦/૨૦૨૧.

ચેરમેન
એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી,
અને ડે.મ્યુનિસિપલ કમિશ્નર(વ)
વડોદરા મહાનગરપાલિકા